# શિક્ષણ વિભાગ

# ગુજરાત સરકાર

# ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એક્ટ – ૨૦૨૩

## પ્રેસ નોટ

તા:૦૫/૧૦/૨૦૨૩ સમય: બપોરના ૦૨:૪૫ કલાકે

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦ની જરૂરીયાતોના સંદર્ભે એકસરખા માળખા પર અને કાર્યપધ્ધતિ ઉપર આધારીત હોય તેવી પ્રણાલીગત તમામ યુનિવર્સિટીઓ માટે એક સમાન કાયદો બનાવીને લાગુ કરવાનું સરળ, યોગ્ય, વ્યવહારૂ અને કાયદાકીય રીતે પણ વાજબી અને ન્યાયપૂર્ણ છે. માન. શિક્ષણમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય દ્વારા તા:૧૬/૦૯/૨૦૨૩ના રોજ ગુજરાત વિધાનસભાના ચોમાસું સત્ર દરમ્યાન ગુજરાત રાજ્યની ૧૧ સરકારી યુનિવર્સિટીઓને લગતા કાયદાઓને એકીકૃત કરવા માટે ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ બીલ – ૨૦૨૩ રજુ કરવામાં આવ્યું હતું. આ બીલને બહુમતી સાથે ગુજરાત વિધાનસભા ખાતે મંજુર કરવામાં આવેલ હતું.

ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એક્ટ – ૨૦૨૩ના સમગ્ર ડ્રાફ્ટને હિત ધરાવનાર સંસ્થાઓ, વિદ્યાર્થીઓ, સમાજ માટે જાહેરમાં મૂકી સૂચનો મંગાવવાનો નવો અને અનોખો પ્રયોગ પણ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવેલ છે.

ગુજરાત વિધાનસભા દ્વારા ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમને મંજુરી આપતાં તા:૨૫/૦૯/૨૦૨૩ના રોજ માન. રાજ્યપાલશ્રી, ગુજરાત રાજ્યની સંમતિ દ્વારા ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એક્ટ – ૨૦૨૩ને ગુજરાત એક્ટ નં. ૧૫ ઓફ ૨૦૨૩ તરીકે પ્રકાશિત કરવામાં આવેલ છે.

માન. શિક્ષણમંત્રીશ્રી, ગુજરાત રાજ્યની મંજુરી અનુસાર ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એક્ટ – ૨૦૨૩ને તા:૦૯/૧૦/૨૦૨૩ના રોજથી નીચે મુજબની ગુજરાત રાજ્યની ૧૧ યુનિવર્સિટીઓ માટે લાગુ કરવામાં આવશે:

1) મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા
2) ગુજરાત યુનિવર્સિટી



Scanned with OKEN Scanner

3) સરદાર પટેલ યુનિવર્સિટી
4) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
5) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
6) મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી
7) હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી
8) ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
9) ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી
10) ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી
11) શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી

તા:૦૯/૧૦/૨૦૨૩થી આ કાયદાનો અમલ શરુ થતાં ઉપરોક્ત ૧૧ યુનિવર્સિટીઓના હાલના તમામ ચાલુ કાયદાઓ તેમજ રાજ્ય સરકારે કરેલી અથવા બહાર પાડેલી તમામ નોટિસો અને હુકમો, જો આ એક્ટ સાથે લાગુ ના પડતું હોય તો તેને રદ કરવામાં આવશે. આ એક્ટને ગુજરાત રાજ્યની ૧૧ યુનિવર્સિટીઓ ખાતે લાગુ કર્યાની સાથે નીચે મુજબની જોગવાઈઓ યુનિવર્સિટી ખાતે લાગુ કરવાની રહેશે:

- ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એક્ટ – ૨૦૨૩ દ્વારા યુનિવર્સિટીઓને વધુ જવાબદારીઓ સાથે સ્વંત્રતા (ઓટોનોમી) આપવામાં આવેલ છે.
- ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના સુચારૂ સંચાલન (ગુડ ગવર્નન્સ) માટે ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એક્ટ – ૨૦૨૩ અંતર્ગત વ્યવસ્થાઓ ગોઠવવામાં આવેલ છે.

**➢ યુનિવર્સિટીના કુલપતિશ્રીના હોદ્દા માટેની જોગવાઈ:**

1) આ એક્ટના લાગુ કર્યાની પહેલાં જે તે યુનિવર્સિટીના કુલપતિશ્રી તરીકેનો હોદ્દો ધરાવતી કોઇપણ વ્યક્તિ, તેની તે યુનિવર્સિટીના કુલપતિ તરીકેના હોદ્દાની મુદત પૂરી થયાં પહેલાં મૃત્યુ, રાજીનામા અથવા અન્ય કારણોસર કુલપતિનો તરીકેનો હોદ્દો છોડી દે (બંધ કરે) તે સિવાય, તેના ઉપર્યુક્ત હોદ્દાની મુદત પૂરી થાય ત્યાં સુધી, તે યુનિવર્સિટીના કુલપતિશ્રી તરીકે સદરહુ હોદ્દા પર ચાલુ રહેશે.

**➢ યુનિવર્સિટી ખાતેની ઓથોરીટીઝ તેમજ સમિતિઓ/કાઉન્સીલોની રચના અંગેની જોગવાઈ:**

1) ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એક્ટ – ૨૦૨૩ને ગુજરાત રાજ્યની ૧૧ યુનિવર્સિટીઓ ખાતે લાગુ કર્યાના 30 દિવસના સમયગાળામાં તમામ યુનિવર્સિટીઓ ખાતે બોર્ડ ઓફ મેનેજમેન્ટ, એકઝીક્યુટીવ કાઉન્સીલ, એકેડેમિક કાઉન્સીલ તેમજ અન્ય



Scanned with OKEN Scanner

સમિતિઓ/કાઉન્સીલોની રચના કરવાની રહેશે. આ સમય દરમ્યાન કુલપતિશ્રીને વચગાળાની સત્તાઓ રહેશે.

2) કોઇપણ અધિકારીમંડળના સભ્ય તરીકે હોદ્દો ધરાવતી દરેક વ્યક્તિ, આ એક્ટને લાગુ કર્યાની તારીખ પછી સદરહુ હોદ્દા પર ચાલુ રહેશે અને આવા સભ્યો સાથેનું અધિકારીમંડળ, જે તારીખે અધિકારીમંડળની પુનઃરચના કરવાની હોય તે તારીખ અથવા આ એક્ટને લાગુ કર્યાની તારીખથી છ મહિનાની મુદત પૂરી થાય તે તારીખ, એ બન્નેમાંથી જે મોડું હોય તે તારીખ સુધી, આ એક્ટથી અથવા તે હેઠળ તેને મળેલી સત્તાઓ વાપરશે અને ફરજો બજાવશે.

3) આ એક્ટને લાગુ કર્યાની તારીખે તેમજ તેની જોગવાઇઓ અનુસાર યુનિવર્સિટી ખાતે કોઇપણ અધિકારીમંડળની રચના થઈ શકેલ ન હોય તો, યુનિવર્સિટીના કુલપતિશ્રી રાજ્યસરકારની મંજૂરીના આધારે અધિકારીમંડળની કામચલાઉ રચના કરવા માટે પગલાં લઇ શકશે. આ કામચલાઉ અધિકારીમંડળના કાર્યકાળનો સમય એક વર્ષનો રહેશે.

➢ **યુનિવર્સિટી ખાતેના શૈક્ષણિક તેમજ અન્ય કર્મચારીઓ માટેની જોગવાઈ:**

1) આ એક્ટ અંતર્ગત અથવા તે હેઠળ અન્ય કોઈ જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય, કોઇપણ યુનિવર્સિટીના અધિકારી તરીકેનો, શૈક્ષણિક અથવા અન્ય કર્મચારી તરીકેનો હોદ્દો ધરાવતી દરેક વ્યક્તિ, તેને લાગુ પડતી શરતોને આધારે હોદ્દા પર ચાલુ રહેશે તેમજ આ એક્ટથી અથવા તે હેઠળ તેને મળેલી સત્તાઓ વાપરશે અને ફરજો બજાવશે.

2) સદરહુ એક્ટ હેઠળ કરેલી અને આ એક્ટને લાગુ કર્યાની પહેલાં વિદ્યમાન હોય તેવી યોગ્ય રીતે કરેલી પરીક્ષકોની નિમણૂક, સંબંધિત યુનિવર્સિટી માટે આ એક્ટ હેઠળ અને તેના હેતુઓ માટે કરેલી હોવાનું ગણાશે તેમજ આવા પરીક્ષકો, આ એક્ટ હેઠળ નવી નિમણૂકો થાય ત્યાં સુધી હોદ્દા પર ચાલુ રહેશે અને તેમણે કામગીરી ચાલુ રાખશે.

3) આ એક્ટના લાગુ કર્યાની પહેલાં સદરહુ એક્ટ હેઠળ જે તે યુનિવર્સિટીના માન્યતાપ્રાપ્ત શિક્ષકો હોય તેવા શિક્ષકો, આ એક્ટ હેઠળ અને તેના હેતુઓ માટે તે યુનિવર્સિટીના માન્યતાપ્રાપ્ત શિક્ષકો હોવાનું ગણાશે તેમજ આ એક્ટ હેઠળ નવી માન્યતાઓ આપવામાં આવે ત્યાં સુધી, આવા માન્યતાપ્રાપ્ત શિક્ષકો તરીકે ચાલુ રહેશે.



Scanned with OKEN Scanner

➢ **યુનિવર્સિટી સાથે જોડાયેલી સંસ્થાઓ તેમજ યુનિવર્સિટીની મિલકત અને દસ્તાવેજો માટેની જોગવાઈ:**

1) આ એક્ટના લાગુ કર્યાની તારીખ પહેલાં જે તે યુનિવર્સિટી સાથે જોડાયેલી/ રચાયેલી તમામ કોલેજો, તે યુનિવર્સિટીમાંથી તેનું જોડાણ પાછું ખેંચી લેવામાં આવે ત્યાં સુધી, આ એક્ટ હેઠળ જે તે યુનિવર્સિટી સાથે જોડાયેલી/ રચાયેલી ગણાશે.

2) યુનિવર્સિટીની સ્થાવર અથવા જંગમ મિલકત તથા તેના તમામ હકો, સત્તાઓ અને વિશેષાધિકારો, જે તે યુનિવર્સિટીને તબદીલ કરવાના રહેશે તેમજ જે ઉદ્દેશો અને હેતુઓ માટે જે તે યુનિવર્સિટીની રચના કરવામાં આવી હોય તે ઉદ્દેશો અને હેતુઓને લાગુ પડશે.

3) આ એક્ટને લાગુ કર્યાની પહેલાં જે તે યુનિવર્સિટીએ સ્વીકારેલી, મેળવેલી અને તેણે સમાવેલી તમામ સખાવતો તેમજ આ એક્ટ હેઠળ જે તે યુનિવર્સિટીએ સ્વીકારેલી, મેળવેલી અથવા ધરાવેલી હોવાનું ગણાશે તેમજ જે શરતોને આધારે આવી સખાવતો સ્વીકારેલી, મેળવેલી અથવા ધરાવેલી હોય તે શરતો, આ એક્ટની કોઇપણ જોગવાઇને લાગુ ના પડતું હોય તેમ છતાં, આ એક્ટ હેઠળ માન્ય હોવાનું ગણાશે.

4) આ એક્ટને લાગુ કર્યાની પહેલાં જે તે યુનિવર્સિટીની વિરુદ્ધમાં કાયદેસર રીતે કરેલા વિદ્યમાન તમામ દેવાં, લીધેલી તમામ જવાબદારીઓ અને બજાવેલી તમામ ફરજો, જે તે યુનિવર્સિટીએ બજાવવાની અને અદા કરવાની રહેશે.

5) આ એક્ટને લાગુ કર્યાની પહેલાં કરેલા કોઇપણ વસિયતનામા, ખત અથવા જેમાં જે તે યુનિવર્સિટીની તરફેણમાં કોઇપણ વસિયત, ભેટ, બોલી અથવા હવાલાનો સમાવેશ થતો હોય તેવા તમામ દસ્તાવેજ, જે તે યુનિવર્સિટીની તરફેણમાં આ એક્ટ હેઠળ અને તેના હેતુઓ માટે કરેલા હોવાનું ગણાશે.

➢ **યુનિવર્સિટી દ્વારા નિભાવવામાં આવતા સ્નાતક રજીસ્ટર અંગેની જોગવાઈ:**

1) આ એક્ટના લાગુ કર્યાની પહેલાં જે તે યુનિવર્સિટી દ્વારા નિભાવવામાં આવતા સ્નાતકોના રજિસ્ટરમાં જેમના નામ દાખલ કર્યા હોય તેવા રજિસ્ટર થયેલા સ્નાતકો, આ એક્ટ હેઠળ અને તેના હેતુઓ માટે જે તે યુનિવર્સિટીના રજિસ્ટર થયેલા સ્નાતકો હોવાનું ગણાશે, તેમજ આવી રીતે નિભાવવામાં આવતું રજિસ્ટર અને તેમાં જેમના નામ આવી રીતે દાખલ કર્યા હોય તેવા રજિસ્ટર થયેલા સ્નાતકો, જે તે યુનિવર્સિટી દ્વારા નિભાવવામાં આવેલા રજિસ્ટર, તરીકે અને તે યુનિવર્સિટીના રજિસ્ટર થયેલા સ્નાતકો તરીકે ચાલુ રહેશે.



Scanned with OKEN Scanner

➢ **મોડલ સ્ટેચ્યુટ અને ઓર્ડીનેન્સ અંગેની જોગવાઈ:**

1) રાજ્ય સરકાર તમામ ૧૧ સરકારી યુનિવર્સિટીઓ દ્વારા અનુસરવા માટેના મોડલ સ્ટેચ્યુટ અને ઓર્ડીનેન્સ રજુ કરશે. મોડલ સ્ટેચ્યુટ અથવા ઓર્ડીનેન્સમાં કોઈપણ સુધારાના કિસ્સામાં, જે તે યુનિવર્સિટીના બોર્ડ ઓફ મેનેજમેન્ટ દ્વારા રાજ્ય સરકારને તેમાં સુધારા કરવા અંગેની દરખાસ્ત મોકલી આપશે.

રાજ્યના શિક્ષણ વિભાગ ગુજરાત સરકાર દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP), ૨૦૨૦ની ભલામણો, યુનિવર્સિટીઓના સરળ વહીવટ, વધુ સારા સંકલન, યુનિવર્સિટીઓ વચ્ચે સહકાર અને તેની ઉચ્ચ શિક્ષણની સુવિધાઓના યોગ્ય ઉપયોગ, યોગ્ય નાણાકીય નિયંત્રણ, ઉચ્ચ ગુણવત્તાયુક્ત ઉચ્ચ શિક્ષણ, વૈશ્વિક સ્પર્ધાના યુગમાં ઉત્તમ લાયકી ધોરણો માટેનાં પગલાં, વિવિધ ક્ષેત્રોમાં ધરમૂળથી પરિવર્તન લાવતાં સંશોધનો, હકારાત્મક અભિગમ તેમજ શિક્ષણમાં શિસ્ત અને અન્ય ધોરણોમાં હાનિકારક બાબતો દૂર કરવા અને નવા ગુણવત્તાયુક્ત માળખા (ફ્રેમવર્ક) અનુસાર એક જ સ્ટેચ્યૂટ અને અધ્યાદેશની રચના કરવાની બાબતોને અમલમાં મૂકવા તથા શિક્ષણના પાયાના ઉદ્દેશો અને હેતુને લગતા આનુષંગિક અને પૂરક વૈધાનિક પગલાં લેવા માટે તેમજ વિદ્યાર્થીઓને લગતી તમામ બાબતોના ઉત્કર્ષ માટે, ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એક્ટ - ૨૦૨૩ એક્ટ તમામ ૧૧ સરકારી યુનિવર્સિટીઓ માટે લાગુ કરવામાં આવેલ છે.

******************************************************

Prof. A. U. Patel 5/9/23
Advisor, KCG
Former Vice Chancellor of Gujarat University



Scanned with OKEN Scanner

Scanned with OKEN Scanner